EDII

**Standard Herald**

June 10, 2017
Page No.11

# ઈડીઆઈઆઈએ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ આપવા યસ બેંક સાથે જોડાણ કર્યું

ઉદ્યોગસાહસિકતામાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને ઈન્ક્યુબેટર માટે દેશની પ્રસિદ્ધ સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ પોતાની સંસ્થા દ્વારા સપોર્ટેડ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ આપવા ભારતમાં ખાનગી ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક યસ બેંક સાથે જોડાણ કર્યું છે. આ પ્રકારની પ્રથમ પહેલમાં યસ બેંક સીજીટીએમએસઈ પ્રોગ્રામ (ક્રેડિટ ગેરન્ટી ફંડ ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ) હેઠળ ઈડીઆઈઆઈ સપોર્ટેડ સ્ટાર્ટ-અપ ગ્રીન આઈડિયોલોજીને રૂ. ૫૦ લાખની લોન પ્રદાન કરશે. વર્ષ ૨૦૧૩માં અભિષેક લોઢા અને નીરજા લાખાણી દ્વારા સ્થાપિત ગ્રીન આઈડિયોલોજીએ ભારતની પ્રથમ પ્રીમિયમ ઓર્ગેનિક એન્ટિમાઈક્રોબાયલ લોન્જરી બ્રાન્ડ 'ઈનર સેન્સ' પ્રસ્તુત કરી છે. આ પહેલ વિશે ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડો. સુનિલ શુકલાએ કહ્યું હતું કે, "ઘણાં વર્ષોથી ઈડીઆઈઆઈ સ્ટાર્ટ-અપ્સને માર્ગદર્શન અને સાથસહકાર આપે છે, ખાસ કરીને અમારી સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપિત સ્ટાર્ટ-અપ્સને. આ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ કરવાની અમારી ક્ષમતા ઓછી છે, કારણ કે અમારી સંસ્થા શૈક્ષણિક સંસ્થા છે. હવે યસ બેંક સાથે જોડાણ કરીને ઈડીઆઈઆઈ ઘણાં સ્ટાર્ટ-અપ્સને ઋણ પ્રદાન કરશે, જેને અમે વિવિધ રીતે સપોર્ટ કરીએ છીએ. તાજેતરમાં અપટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ)ની સ્થાપના કરી છે, જે ઉત્પાદન, ફૂડ/એગ્રી બિઝનેસ, રિન્યૂએબલ એનર્જી અને હેલ્થકેર ક્ષેત્રોમાં પણ સ્ટાર્ટ-અપ્સને સહાય કરશે."